**Publication** : Akila
**Date** : Friday, August 13, 2010
**Edition** : Rajkot
**Page** : 11

# અપોલો હોસ્પિટલમાં રાજયમાં પ્રથમ સફળ જીવંત લીવર ટ્રાન્સપ્લાન સર્જરી

રાજકોટ તા.૧૩ ભારતના લીવર ટ્રાન્સપ્લાન્ટ કાર્યક્રમમાં એક નવા સફળ અધ્યાયનો ઉમેરો થયો છે અપોલો હોસ્પિટલ અમદાવાદમાં ગુજરાતના પ્રથમ સફળ જીવંત લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે એપોલો હોસ્પિટલના ગ્રુપ ડિરેકટર અને સિનીયર પીડીયાટ્રિક એન્ટ્રોલોજિસ્ટ ડૉ.અનુપમ સિબ્બલ આ અંગે કહે છે અમે ભારતીય ઉપખંડમાં લીવર ટ્રાન્સપ્લાન્ટના ક્ષેત્રમાં એક નવો રાહ ચિંધી રહ્યા છીએ ૧૯૯૮માં એપોલો દિલ્હીએ ભારતમાં પ્રથમ સફળ પીડિયાટ્રીક સર્જરી અને એડલ્ટ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન હાથ ધર્યુ હતું અને હવે ૨૦૧૦માં ગુજરાતમાં તેણે પ્રથમ જીવંત લીવર દાતા ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરીને ભારતમાં સફળ લીવરટ્રાન્સપ્લાન્ટના ૧૨ વર્ષના ઈતિહાસમાં માઈલસ્ટોન બનાવ્યો છે આ વર્ષે એપોલો હોસ્પિટલસે ૧૦૦ લીવર ટ્રાન્સપ્લાન્ટ ઓપરેશન હાથ ધર્યા છે અને થોડા સમયમાં આ સંખ્યા ૫૦૦ પર પહોંચી જશે.

૪૭ વર્ષના શ્રી સુનિલ પટેલ છેલ્લા તબક્કાની લીવરની માંદગીથી પીડાતા હતા આ બિમારીમાં દર્દી બહુ વધારે મહિના જીવી શકતો નહોતો તેમને તાકિદે લીવર ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપવામાં આવી હતી ૪૬ વર્ષના તેમના પત્નિ જિજ્ઞાબહેન પટેલનું લોહી તેમના બ્લડ ગ્રુપ સાથે મેચ થતું હતું તેઓ તેમના લીવરનો થોડા ભાગ તેમના પતિને ડોનેટ કરવા માટે તૈયાર હતાં તેમની પર જરૂરી તમામ ટેસ્ટ કરાયા દાતાનાલીવરની સ્થિરતા પણ જોવામાં આવી ડૉ.પ્રફુલબી.પવાર એપોલો હોસ્પિટલ અમદાવાદના સીઈઓ પોતાની ટીમને આ સફળતા બદલ અભિનંદન આપતા કહે છે આ સુવિધાની ઉપલબ્ધી ગુજરાતના લોકો માટે લાભપ્રદ બનશે.

એપોલો હોસ્પિટલ નવી દિલ્હીના ચીફ કન્સલટન્ટસ લીવર ટ્રાન્સપ્લાન્ટેનશ, ડૉ સુભાષ ગુપ્તા કે જેમણે અમદાવાદ સહિત દેશની ઘણી એપોલો હોસ્પિટલમાં લીવર સર્જરી હાથ ધરી છે તેઓએ તેમની ટીમને આ માટે અભિનંદન પાઠવ્યાં છે આ સફળતા એપોલો હોસ્પિટલની સંયુકત તાકાત બતાવે છે જીવંત દાતાપાસેથી મળવેલા લીવરના ટ્રાન્સપ્લાન્ટેશનની સર્જરી કેડેવર લીવર ટ્રાન્સપ્લાન્ટ કરતા અઘરી છે તેમ તેમણે જણાવ્યું હતું. ડૉ.ચિરાગ દેસાઈ, ચીફ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન કહે છે આ સર્જરી ૧૬ કલાક ચાલી હતી અમારે માત્ર સર્જરી પર ધ્યાન રાખવાનુ નહોતું પણ દાતાની સલામતી પણ જોવાની હતી પટેલ દંપતિએ જે ધૈર્ય દાખવ્યું છે તે કાબિલે દાદ છે. (પ.૧૮)